# સુરત મહાનગરપાલિકા

---

## સ્થાયી સમિતિ

---

## સુચના

---

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૩૦–૧–૨૦૨૫ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૨૧–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના તા.૧૬–૧૨–૨૦૨૪ થી તા.૨૧–૧૨–૨૦૨૪ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજુ.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–એ, સબઝોન–૧, ટી.પી. સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા) ખાતે આવેલ નંદ પરમાનંદ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના ૦૫(પાંચ) વર્ષના સમયગાળા માટે સંચાલન અને નિભાવ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર આર્યનરાજ કોર્પોરેશનની પ્રતિ વર્ષ રૂા.૯૦,૦૦૦/– મુજબ ૦૫(પાંચ) વર્ષની કુલ રૂા.૪,૫૦,૦૦૦/– ની ઓફર કબુલ રાખવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–એ માં સબઝોન–૧ તથા અન્ય સબઝોનમાં આવેલ જુદી જુદી સોસાયટીઓની તથા સાઉથ ઝોન–એ માં આવેલ અન્ય વિસ્તારમાં હયાત ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન જુદા જુદા મશીનહોલમાં સ્કીલ લેબર ઉતારી સેફટી ગીયર્સ, પ્લગ મુકી, ડીવોટરીંગ પંપ, સેફટી સાધનોનો ઉપયોગ કરી મેન્યુઅલી ડીસીલ્ટીંગ મશીનો રીપેર કરવા તથા ડીસીલ્ટેડ મટીરીયલ્સ, ડેબ્રીસને કાર્ટીંગ કરવા સહીતના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર રણજિત સિંઘને દરખાસ્તના પરિશિષ્ટમાં જણાવેલ વિગતે કુલ રૂા.૪૯,૮૨,૦૪૦/– ના ખર્ચે ઉકત કામગીરી સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઝોન–એ માં સબઝોન–૨ તથા અન્ય સબઝોનમાં આવેલ જુદી જુદી સોસાયટીઓની તથા સાઉથ ઝોન–એ માં આવેલ અન્ય વિસ્તારમાં હયાત ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન જુદા જુદા મશીનહોલમાં સ્કીલ લેબર ઉતારી સેફટી ગીયર્સ, પ્લગ મુકી, ડીવોટરીંગ પંપ, સેફટી સાધનોનો ઉપયોગ કરી મેન્યુઅલી ડીસીલ્ટીંગ મશીનો રીપેર કરવા તથા ડીસીલ્ટેડ મટીરીયલ્સ, ડેબ્રીસને કાર્ટીંગ કરવા સહીતના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર રણજિત સિંઘને દરખાસ્તના પરિશિષ્ટમાં જણાવેલ વિગતે કુલ રૂા.૫૨,૦૬,૨૦૦/– ના ખર્ચે ઉકત કામગીરી સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૨(એ/બી) તથા ૩(એ/બી) વિસ્તારમાં આવેલ હયાત ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન, મશીન હોલ, ઈનલેટ ચેમ્બરને મેઈન્ટેનન્સ, રીપેરીંગ અને જરૂરીયાત મુજબ એકસટેશન કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર આમીર પ્લમ્બરીંગ વર્કસને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૬,૩૩,૦૮૮–૭૭ થી ૨૨.૧૫% નીચા ભાવે એટલે કે રૂા.૨૮,૨૮,૩૫૯–૬૧ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પુર્વ ઝોન–એ માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૧૭(ફુલપાડા), ૨૦(નાનાવરાછા–કાપોદ્રા પશ્ચિમભાગ), ૨૦(પુણા) અને ૬૦(પુણા) ના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન, ડ્રેનેજ/સ્ટોર્મ મશીનહોલ, સ્ટોર્મ ઈનલેટ ચેમ્બર્સ બનાવવા સહિત રીપેરીંગ, મેઈન્ટેનન્સ અને લંબાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર સીવીલીસ ઈન્ફ્રાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૯,૪૭,૫૯૧–૦૭ થી ૧૫% નીચા ભાવે એટલે કે રૂા.૪૨,૦૫,૪૫૨–૪૧ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પૂર્વ ઝોન–એ વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૦(પુણા), ફા.પ્લોટ નં.૧૫૯/એ, ૧૫૯/બી, ૧૬૩/એ, ૧૬૩/બી, ૧૬૫/એ, બ્લોક નં.૩૮૬, ૩૯૧, ૩૯૩ માં આવેલ પ્રમુખછાયા રો–હાઉસ વિભાગ–એ અને બી ના આંતરીક રસ્તા ઉપર ૨૫૦ મી.મી. અને ૩૦૦ મી.મી. વ્યાસની એનપીથ્રી વર્ગની આર.સી.સી. ડ્રેનેજ પાઈપલાઈન નાંખી જે તે યુનિટ ધારકના ઘર નજીક સીમ્પલ ચેમ્બર બનાવી સીમ્પલ ચેમ્બરથી ૧૫૦ મી.મી. વ્યાસની એનપીટુ વર્ગની આર.સી.સી. ડ્રેનેજ લાઈન ધ્વારા મશીનહોલ સુધીની કનેકશન લાઈન કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર સીવીલીસ ઈન્ફ્રાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૪૧,૫૫,૦૪૦–૯૯ થી ૨૪.૮૪% નીચુ એટલે કે રૂા.૧,૦૬,૩૮,૯૨૮–૮૧ નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિસ્તારમાં વોર્ડ નં.૨(બી) સગરામપુરામાં આવેલ મલેકવાડીની પથ્થર/બ્લોક ગલીઓમાં ડ્રેનેજ લાઈન નાંખવા/બદલવાનું કામ સ્થા.સ.ઠ.નં.૬૪૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવો, શરતો અને સ્પેશીફીકેશનને આધિન એમ્પેનલ થયેલ કુલ–૪ ઈજારદારો (૧) આમીર પ્લમ્બરીંગ વર્કસ, (૨) ઓશન કોર્પોરેશન, (૩) જોગારામ એમ. સેન અને (૪) હિરેન કિશોરભાઈ સાપરીયા પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૩૮,૨૬,૦૮૨–૫૮ થી ૩૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૯,૭૩,૯૦૭–૩૫ ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૨(એ/બી) રૂસ્તમપુરા–સગરામપુરામાં આવેલ (૧) સાંકડીશેરી અને મુળશંકરશેરી વચ્ચેની સર્વિસગલી, (૨) છોવાળાશેરી અને મુળશંકરશેરી વચ્ચેની સર્વિસગલી, (૩) વાડી મોહલ્લો અને મોટોકુંભારવાડ વચ્ચેની સર્વિસગલીમાં ડ્રેનેજ લાઈન નાંખવા/બદલવાનું કામ સ્થા.સ.ઠ.નં.૬૪૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવો, શરતો અને સ્પેશીફીકેશનને આધિન એમ્પેનલ થયેલ કુલ–૪ ઈજારદારો (૧) આમીર પ્લમ્બરીંગ વર્કસ, (૨) ઓશન કોર્પોરેશન, (૩) જોગારામ એમ. સેન અને (૪) હિરેન કિશોરભાઈ સાપરીયા પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૩૭,૨૨,૮૮૦–૫૮ થી ૩૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૮,૩૯,૭૪૪–૭૫ ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૧–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી), ફા.પ્લોટ નં.૧૪ માં આવેલ સ્વામીનારાયણનગર સોસાયટીના રસ્તાઓને સીમેન્ટ કોંક્રીટના બનાવવાનું કામ સ્થા.સ.ઠ.નં.૧૭૭૬/૨૦૨૪ થી મંજુર થયેલ યુનિટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન માન્ય થયેલ દરખાસ્તમાં જણાવેલ કુલ–૫૨ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને અંદાજી રકમ રૂા.૭૪,૫૭,૦૧૩–૧૩ થી ૯.૨૫% ઉંચા ભાવે એટલે કે રૂા.૮૧,૪૬,૭૮૬–૮૪(લાગુ જી.એસ.ટી. અલગથી ચુકવવાનો રહેશે) ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૩–૧–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં BOT (BUILT OPERATE TRANSFER) ધોરણે (૧) લેકવ્યુ ગાર્ડન, પીપલોદ (૨) મહારાજા અગ્રસેન ઉધાન, સીટીલાઈટ ખાતે તથા સક્ષમ સત્તા ધ્વારા અન્ય જગ્યાએ સુચવ્યા મુજબ અરજદારશ્રી રાહુલગર્ગ/સંસ્થા ધ્વારા તેઓના ખર્ચે બનાવવા જોગ સુચિત પક્ષીઘર દરખાસ્ત સાથે સામેલ નીતિ નિયમો/વિનિયમો અનુસાર ફાળવવા તથા અરજદારશ્રી/સંસ્થા સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સૈધ્ધાંતિક મંજુરી આપવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા. સંચાલિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ માટે કીચન(રસોડું) ચાલુ કરી દાખલ દર્દીઓને બેડ ટુ બેડ ડાયેટ સપ્લાય કરવા કામે સ્થા.સ.ઠ.નં.૬૪૧/૨૦૨૧ થી મંજુર થયેલ ઈજારદાર શિલ્પા હોસ્પિટાલિટી સર્વીસીસની ઉકત ઠરાવમાં દર્શાવેલ શરતો અને બોલીઓને આધિન દરખાસ્તમાં જણાવેલ કારણોસર તા.૧–૧૨–૨૦૨૪ થી વધુ છ માસ અથવા નવું ટેન્ડર પ્રસિધ્ધ કરી નવા ટેન્ડરરને કામગીરીની સોંપણી થાય ત્યાં સુધી એ બે માંથી જે વહેલું હોય તે મુજબ લંબાવવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૧–૨૦૨૫ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ માટે ૧૨૮ સ્લાઈસ સીટી સ્કેન મશીન અને ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. મશીન કોટક મહિન્દ્રા બેંક લી. ધ્વારા CSR (Impact Guru Foundation મારફતે) હેઠળ ફાળવવામાં આવેલ હોય, ઉકત સીટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન માટેના ચાર્જીસ મંજુર કરાવવા માટે દરખાસ્તના કોષ્ટક–(ઈ) માં દર્શાવવામાં આવેલ આવક અને ખર્ચને ધ્યાને લેતા કોષ્ટક–(એ), (સી) ની કોલમ નં.(૩) માં દર્શાવવામાં આવેલ રેઈટસ હાલમાં કાર્યરત પીપીપી ધોરણે ચાલતા રેઈટસ મુજબ યથાવત રાખવા તથા કોષ્ટક–(સી) અને (ડી) ની કોલમ નં.(૩) માં દર્શાવેલ વધારાના સીટી સ્કેન અને એમ.આર.આઈ. ટેસ્ટના પ્રપોઝડ રેઈટસ યુનિટ રેઈટ તરીકે મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના પશ્ચિમ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ફાયનલ ટી.પી. સ્કીમ નં.૩૬(વરીયાવ) માં એપ્રોપ્રિએટ ઓથોરીટી–સુરત મહા.ને "સેલ ફોર કોમર્શીયલ" ના હેતુ માટે ફાળવેલ અનામત ફા.પ્લોટ નં.૭૮ વાળી ફાઈલના પત્ર વ્ય.વિ. પાના નં.૭૧ ઉપર સામેલ નકશામાં કાળા રંગના હેચીસથી દર્શાવ્યા મુજબની ક્ષે.૬૩૯૧ ચો.મી. જમીન ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી.ને ૬૬ કેવી વરીયાવ સબસ્ટેશન માટે ફાળવણી કરવા બાબતે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૩) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા તથા આ અંગે આગળની જરૂરી કાર્યવાહી/નિર્ણય કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૩–૧–૨૦૨૫ નો પત્ર, મોજે : ઈચ્છાપોર, રે.સ.નં.૯૫૦ પૈકી ક્ષે.૩૭૬૫.૫૦ ચો.મી. ફાઈલના પત્ર વ્ય.વિ.પાના નં.૧૨૫ ઉપર સામેલ નકશામાં દર્શાવ્યા મુજબની સરકારી જમીન સુરત મહા.ના "સુએઝ પંપીંગ સ્ટેશન તથા સર્વિસ રિઝર્વેયર" બનાવવાના જાહેર હેતુ માટે નામ.કલેકટરશ્રીના તા.૨૯–૧૧–૨૦૨૪ ના હુકમમાં(ફાઈલના પત્ર વ્ય.વિ.પાના નં.૧૮૩ થી ૧૮૫ ઉપર સામેલ છે.) જણાવ્યાનુસાર સરકારશ્રી નકકી કરે તે કિંમતે અને શરતે સરકારશ્રી પાસેથી મેળવવા યોગ્ય જણાયે મંજુરી આપવા તથા તે અન્વયે નામ.સરકારશ્રી/નામ. કલેકટરશ્રી, સુરત સાથે જરૂરી પત્રવ્યવહાર કરવા સહિતની આગળની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા માટે મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૩–૧–૨૦૨૫ નો પત્ર, સુરત શહેરમાં નવા સમાવિષ્ટ સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં પાણી પુરવઠો પૂરો પાડવા નવા પ્રકલ્પોના નિર્માણના હેતુ માટે હાઈડ્રોલિક વિભાગની જરૂરીયાત મુજબની મોજે : તલંગપોર, બ્લોક નં.૨૨૪ વાળી ક્ષે.૧,૧૮,૨૭૦ ચો.મી. જમીન પૈકી ક્ષે.૨૩,૭૨૨ ચો.મી. સરકારી જમીન (ફાઈલના પત્ર વ્ય.વિ.પાના નં.૨૮૯ ઉપર સામેલ) નામ.કલેકટરશ્રીના તા.૨૫–૬–૨૦૨૪ ના હુકમમાં (પત્ર વ્ય.વિ. પાના નં.૧૯૫ થી ૧૯૯ ઉપર સામેલ છે.) જણાવ્યાનુસાર સરકારશ્રી નકકી કરે તે કિંમતે અને શરતે સરકારશ્રી પાસેથી મેળવવા યોગ્ય જણાયે મંજુરી આપવા તથા તે અન્વયે નામ. સરકારશ્રી/નામ.કલેકટરશ્રી, સુરત સાથે જરૂરી પત્રવ્યવહાર કરવા સહિતની આગળની તમામ આનુસંગિક કાર્યવાહી કરવા માટે મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૩–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના વિવિધ ઝોન/ખાતાઓ હસ્તકના ફાઈલના પ.વિ.પા.નં.૪૧ થી ૪૯ ઉપર સામેલ એનેક્ષરમાં જણાવેલ કંડમ/સ્ક્રેપ કરવા જોગ કુલ ૧૬૬ વાહન/મશીનરીઓની અપસેટ વેલ્યુ નકકી કરી ઈ–ટેન્ડરથી વેચાણ કરવાના કામે સદર વાહન/મશીનરીઓની તેની સામે જણાવેલ અપસેટ વેલ્યુ(તળિયાની કીમત) કુલ રૂા.૧,૦૩,૫૦,૦૨૬/– મંજુર કરવા તથા વાહન/મશીનરી 'જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં જેમ છે અને જયાં છે તેમ અને ત્યાંના' ધોરણે ઈ–ટેન્ડરથી Registered vehicle Scrapping Facility(RVSF) સેન્ટર ખાતે વેચાણ કરવા અંગેની મંજુરી આપવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૧–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઝોન–એ ઉધનામાં ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાંડેસરામાં સી.ઓ.પી.૧૭ માં આવેલ કોમ્યુનીટી હોલના મકાનની સ્ક્રેપ વેલ્યુ રૂા.૮,૨૬,૨૦૦/– મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૧–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં ઉબેર ખાતે આવેલ નગર પ્રાથમિક શાળા ક્રમાંક નં.૩૭૪ ને તોડી પાડવા માટે સ્ક્રેપ વેલ્યુ રૂા.૧૨,૯૯૨ /– મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૦. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા. સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મ્યુનિસિપલ કોર્પોરેટરશ્રીઓ ધ્વારા ફાળવેલ ગ્રાન્ટમાંથી ઈન્ટ્રાએકટીવ પેનલ, વિથ કોમ્પ્યુટરને લાગત સાધનો ખરીદવા સુમન મા.શાળા સેલના GEM PORTAL ના એકાઉન્ટમાંથી GEM PORTAL ના નીતિનિયમ મુજબ બિડ કરતા આવેલ કુલ–૩ બીડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર બીડર I-View Technologies ને ઉકત કામગીરી સોંપવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૨) ના અ.નં.(૧) અને (૨) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા તથા બીડર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૭–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા. સંચાલિત સુમન હાઈસ્કુલો ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મ્યુનિસિપલ કોર્પોરેટરશ્રીઓ ધ્વારા ફાળવેલ ગ્રાન્ટમાંથી AMPLIFIRE SPEAKER AND MIC ને લાગત સાધનો ખરીદવા સુમન મા.શાળા સેલના GEM PORTAL ના એકાઉન્ટમાં GEM PORTAL ના નીતિનિયમ મુજબ બિડ કરતા આવેલ કુલ–૩ બીડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર બીડર SMART VIEW SECURITY SYSTEMS ને ઉકત કામ સોંપવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૨) ના અ.નં.(૧) થી (૩) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા તથા બીડર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૧–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોનમાં આવેલ ઉમરવાડા ખાતેની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.૧૯૦, ૧૯૧ ના હયાત મકાનની સ્ક્રેપ વેલ્યુ રૂા.૫,૬૫,૮૪૯–૮૩(GST સિવાય) મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧–૨૦૨૫ નો પત્ર, (૧) રાંદેર ઝોનમાં આવેલ કવિશ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ(સ્નેહરશ્મિ) બોટનિકલ ગાર્ડન તથા (૨) લિંબાયત ઝોન ખાતે આવેલ છઠ સરોવર અને ફલાવર ગાર્ડન પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ(પીપીપી) થી ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૧૩૮૬/૨૦૨૧ અને ઠ.નં.૨૭૩/૨૦૨૨ થી મંજુર થયેલ એજન્સી રાજહંસ હોસ્પિટાલીટી પ્રા.લી. ધ્વારા દરખાસ્તના મુદ્દા નં.૬, ૭ અને ૮ માં જણાવેલ રજુઆતો અન્વયે સદર એજન્સીને ઉકત કામોમાંથી છુટા કરવા અંગે નિર્ણય લેવા બાબત.

૨૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૭–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પૂર્વ ઝોન–એ, ટી.પી. સ્કીમ નં.૦૮(ઉમરવાડા), ટી.પી. સ્કીમ નં.૦૩(કરંજ) અને ટી.પી. સ્કીમ નં.૩૪(મગોબ–ડુંભાલ) વિસ્તારમાં આવેલ જુદા જુદા મ્યુ.સ્કુલ બિલ્ડીંગોને વાર્ષિક રેઈટ ધોરણે મેઈન્ટેનન્સ અને રીપેરીંગ વર્ક કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર પારસ બકુલભાઈ સવાણીને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૫૯,૨૧,૨૦૯–૭૨ થી ૩૫% નીચા ભાવે એટલે કે રૂા.૩૮,૪૮,૭૮૬–૩૨ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામગીરી સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૫. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, સુરત મહા.ના નોર્થ ઝોન વિસ્તારમાં આવેલ સુરત મહા.ની માલિકીના વિવિધ રીઝર્વેશન પ્લોટ ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામે આવેલ કુલ–૧૦ ટેન્ડરો પૈકી ખોલવામાં આવેલ પ્રાઈસબીડના કુલ–૮ ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડરર એ. એ. બાંભરોલીયાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨,૪૮,૭૮,૭૪૭–૬૪(GST સિવાય) થી ૩૧.૫૧% નીચુ એટલે કે રૂા.૧,૭૦,૩૯,૪૫૪–૨૫(GST સિવાય) નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પૂર્વ ઝોન–એ વિસ્તારમાં આવેલ વરાછા મેઈન રોડ ઉપરના શ્રીનાથજી ફલાય ઓવર બ્રીજની નીચે પાર્કિંગ માટે નિયત કરેલ જગ્યામાં 'પે એન્ડ પાર્ક' ને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી હાઈએસ્ટ ઓફર આપનાર ટેન્ડરર વાસુ ડેવલોપરની વાર્ષિક રૂા.૩૧,૨૭,૮૬૯/– ની ઓફર કબુલ રાખવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પૂર્વ ઝોન–એ, ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.એમ–૩, સરદાર સ્મૃતિ ભવન પાસે આવેલ મલ્ટીલેવલ પાર્કિંગમાં 'પે એન્ડ પાર્ક' માટે નિયત કરેલ જગ્યામાં પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર સુવિધા ફેશનની વાર્ષિક રૂા.૫૪,૧૧,૧૧૧/– ની ઓફર કબુલ રાખવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨૮. મ્યુ.ક.શ્રીનો તા.૭–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં એડી.સીટી ઈજનેર(સીવીલ) તરીકે અજમાયશી ધોરણે ફરજ બજાવતા શ્રી ધર્મેશકુમાર ચંપકલાલ ભગવાગર(કર્મ.નં.૧૮૯૦૭) ને તા.૫–૧૦–૨૦૨૨ થી સુરત મહા.ની નોકરીમાં કાયમ કરવા અંગે નિર્ણય લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૨૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૩–૧૦–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–એ, પ્રિ.ટી.પી. સ્કીમ નં.૭૧(વડોદ) માં આવેલ વિવિધ રીઝર્વેશન પ્લોટ ફરતે કંપાઉન્ડ વોલ બનાવવાના કામે આવેલ કુલ–૭ ટેન્ડરો પૈકી લોએસ્ટ ટેન્ડરર એ.એ.બામ્ભરોલીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૬,૯૪,૮૦,૭૬૬–૧૦(GST સિવાય) થી ૩૧.૯૩% નીચા ભાવે એટલે કે રૂા.૪,૭૨,૯૫,૫૫૭–૪૮(GST સિવાય) ના ખર્ચે ઉકત કામગીરી સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩૦. મ્યુ.ક.શ્રીનો તા.૯–૧–૨૦૨૫ નો પત્ર, નવો પૂર્વ(સરથાણા) ઝોન–બી, ટી.પી.સ્કીમ નં.૮૫(સરથાણા–પાસોદરા–લસકાણા) માં આવેલ આઉટર રીંગરોડ તથા વિવિધ ટી.પી. રસ્તા ઉપર વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી ગટર લાઈન નાંખવાના કામે આવેલ કુલ–૧૦ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૮ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર જે.એમ.રામાણી એન્ડ કાં.નું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૬,૯૬,૪૩,૬૩૨–૧૫ થી ૧૩.૩૧% નીચુ એટલે કે રૂા.૨૩,૩૭,૫૪,૦૬૪–૭૧ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું અલગથી ચૂકવણા કરવાના ખર્ચનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

આ દે શ થી,

Sonje. m. P.
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૨૭–૧–૨૦૨૫.

ANAHITA.